અમદાવાદના મહેરબાન એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટનં.ર માં

=================================================================

ક્રી.કે.નં.૧૮૨/૦૪

<u>આંક.૧ લગત હુકમ.</u>

(૧). ફરીયાદીની પુરસીસ વંચાણે લીધી જેમાં તેઓએ જણાવેલ છે કે તેઓને સદર કેસમાં કોઈ રસ નથી, અને આરોપી સાથે સમાધાન કરવા માંગે છે અને કેસ આગળ ચલાવવો નથી અને કેસ આગળ ચલાવવા માંગતા નથી અને કેસ માંડવાળ કરવા માંગે છે તેવુ પુરસીસથી જાહેર કરેલ છે.

(૨). આમ સદર કામે ફરીયાદીની પુરસીસ વંચાણે લીધી,કેસના રેકર્ડનો અભ્યાસ કર્યો. સદર કામના આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.ની કલમ ૩૭૯ મુજબના ગુનાનું ચાર્જશીટ થયેલ છે. આરોપી હાજર નથી પરંતુ ફરીયાદી હાજર છે અને તેઓ કેસ માંડવાળ કરવા માંગે છે અને કેસ આગળ ચલાવવા માંગતા નથી. આથી ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૦ ની જોગવાઈઓ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના તારીખ:૫/૭/૨૦૧૬ ના સરકયુલર નંબરઃ સી.૨૬૧૯/૨૦૧૬ ને ધ્યાનમાં લેતાં ફરીયાદીની માંડવાળ કરવાની પુરસીસ ગ્રાહય રાખીને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>હુ ક મ</u>

(૧). આથી આરોપીને ક્રિ.પ્રો.કો.નીકલમ–૩૨૦(૧)(૮) અન્વયે ઈ.પી.કો.ની કલમ–૩૭૯ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨). મુદ્દામાલ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

/૧/.આ કામનો મુદ્દામાલ અગાઉ કોર્ટના હુકમથી વચગાળાના સમય માટે ફરીયાદીને પરત સોપવામાં આવેલ તે હુકમ કાયમ રાખવામાં આવે છે, હુકમની શરતો રદ્દ ગણવી.

/૨/. આ કામમાં પોલીસે કબજે કરેલ મુદ્દામાલ ફરીયાદીને પરત આપવા હુકમ કરવામાં આવે છે.

/૩/. આ કામમાં પોલીસે કબજે કરેલ મુદ્દામાલ જો અગાઉ અદાલતના હુકમથી કોઈ વ્યકિતને પરત કરવામાં આવેલ હોય તો તે હુકમ કાયમ કરવામાં આવે છે, અને મુદ્દામાલ પરત કરવા અંગે અગાઉ કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો, મુદ્દામાલ વાહનની આર.સી.બુકની નકલ રજુ કર્યેથી ઓળખની ખાતરી કરીને તેના રજીસ્ટર ઓનરને પરત આપવા હુકમ કરવામાં આવે છે.

/૪/. મુદ્દામાલ અંગે કોઈ કલેઈમ કરતા ન હોવાથી, સરકાર ખાતે જમા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી આ જાહેર કર્યો.

અમદાવાદ
તા.૨૨/૪/૨૦૧૮

(આરતી અદ્વૈત વ્યાસ)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.ર, અમદાવાદ
જી.જે.૦૦૬૮૬